# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-202** **Evening: 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **નેહા પંચાલ** વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને સર્બિયાના રાષ્ટ્રપતિ વુકિકે આજે પાટનગર બેલ્ગ્રાદમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી.
- ભારતીય રિઝર્વ બેન્કે ચાલુ નાણાંકીય વર્ષની પોતાની બીજી દ્વિમાસિક નાણાંકિય નીતીની ઘોષણા કરી છે.
- અતિ આધુનિક બેલેસ્ટીક મિસાઇલ અગ્નિ પ્રાઇમનું સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા – ડીઆરડીઓ એ સફળ પરિક્ષણ કર્યું છે.
- વિદેશમંત્રી એસ.જયશંકરે કહ્યું છે કે, વિશ્વ, ભારતને વિકાસ ભાગીદાર તરીકે જુએ છે અને ભારત વિશ્વની ધારણા બદલવાની ભૂમિકા ભજવી રહ્યું છે.
- સરકારે કહ્યું છે કે, પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓ – PACSને પ્રધાનંમત્રી કિસાન સમૃધ્ધિ કેન્દ્રોના દાયરામાં લાવવામાં આવશે.

.................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**Eve President**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને સર્બિયાના રાષ્ટ્રપતિ વુકિકે આજે પાટનગર બેલ્ગ્રાદમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. વાટાઘાટો પછી બંને નેતાઓએ વાટાઘાટોના નિષ્કર્ષ વિષે પત્રકારો સાથે વાતચીત કરી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, ભારત અને સર્બિયા વચ્ચેનાં સંબંધો બીનજોડાણવાદી આંદોલનના જમાનાથી સવિશેષ પરસ્પર વિશ્વાસ, પરસ્પર સમજણ અને એકબીજાના હિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ માટે ટેકો આપે તેવા રહ્યાં છે.

તેમણે કહ્યું કે, ભવિષ્યમાં બંને દેશો વચ્ચે ખાસ કરીને મૂડીરોકાણ, વેપાર, વિજ્ઞાન અને ટેકનોલોજી, ડીજીટલ ટેકનોલોજી તેમજ બંને દેશોના લોકો વચ્ચેના સંપર્ક જેવા ક્ષેત્રોમાં સહકાર વધશે.

## RBI

ભારતીય રિઝર્વ બેન્કે ચાલુ નાણાંકીય વર્ષની પોતાની બીજી દ્વિમાસિક નાણાંકિય નીતીની ઘોષણા કરી છે. રિઝર્વ બેન્કે મુખ્ય દર, યથાવત રાખ્યા છે, રેપોરેટ છ પોઇન્ટ પાંચ ટકા જ રહેશે.

નીતિ સમિક્ષાની ઘોષણા કરતાં રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે કહ્યું કે ઉપભોક્તા મૂલ્ય સૂચકાંકમાં આ વર્ષે માર્ચથી એપ્રિલ દરમ્યાન ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે, ચાલુ નાણાંકીય વર્ષમાં ફૂગાવાનો દર ચાર ટકાથી વધારે રહેશે. તેમણે ઉમેર્યું કે, આ વર્ષે ચોમાસુ સામાન્ય રહે તેવી ધારણા છે. ફૂગાવાનો દર પાંચ પોઇન્ટ એક ટકો રહી શકે.

રિઝર્વ બેન્કે જીડીપી વૃદ્ધિદર છ પોઇન્ટ પાંચ ટકા જળવાઇ રહેશે એમ કહ્યું છે.

રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે ઘોષણા કરી કે બેન્કો, હવે રૂપે – પ્રી પેઇડ ફોરેક્સ કાર્ડ બહાર પાડી શકશે. તેની સાથે જ રિઝર્વ બેન્કે ઇ-રૂપી વાઉચરનો

વ્યાપમાં વધારો કરવાની પણ જાહેરાત કરી. તે માટે નોન બેન્ક કંપનીઓ સ્વતંત્રતપણે એવા ઇન્સ્ટ્રુમેન્ટસ બહાર પાડી શકશે.

## RBI

ભારતીય રીઝર્વ બેન્કે આજે જાહેર કરેલી નવી દ્વિમાસિક નાણાં નીતિમાં વ્યાજદરો યથાવત રાખ્યા છે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, નાણાં નીતિની સમિતિની બેઠકમાં રેપોરેટ 6.5 ટકા યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

એવી જ રીતે સ્ટેન્ડિંગ ડીપોઝીટ ફેસીલીટી – એસડીએફ રેટ 6.25 ટકા અને બેન્ક રેટ 6.75 ટકા રહેશે. શ્રી દાસે કહ્યું કે, એક અંદાજ મુજબ વર્ષ 2023-2024માં ફુગાવાનો દર 5.1 ટકાથી વધુ રહેવાની સંભાવના છે.

## RBI Governer

રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે કહ્યું છે કે, નાગરિકોએ બે હજાર રૂપિયાની લગભગ 50 ટકા નોટ જમા કરાવી દીધી છે, અથવા બદલી લીધી છે. તેમણે કહ્યું કે, લગભગ 3 લાખ 62 હજાર કરોડ રૂપિયાની બે હજાર રૂપિયાની નોટ ચલણમાં હતી. તેમાંથી એક લાખ 80 હજાર કરોડની બે હજાર રૂપિયાની નોટ જમા કરાવાઇ છે અથવા બદલી લેવામાં આવી છે.

શક્તિકાન્ત દાસે કહ્યું કે, લગભગ 85 ટકા રકમ ધારણા પ્રમાણે બેંકના ખાતાઓમાં જમા કરાવાઇ છે. બેંકોમાં નોટ બદલવા કે જમા કરાવવા માટે ભીડ નથી. તેમણે નાગરીકોને અપીલ કરી છે કે, બે હજાર રૂપિયાની નોટ બદલાવવા કે જમા કરાવવાની છેલ્લી તારીખની રાહ ના જુએ.

## Agni Prime

અતિ આધુનિક બેલેસ્ટીક મિસાઇલ અગ્નિ પ્રાઇમનું સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા – ડીઆરડીઓ એ સફળ પરિક્ષણ કર્યું છે. ઓરિસ્સાના દરિયાકાંઠા નજીક

ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ દ્વીપ પરથી ગઇકાલે સાંજે આ પરિક્ષણ હાથ ધરવામાં આવ્યું.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ મિસાઇલના ત્રણ પરીક્ષણ બાદ રાત્રે પહેલું પ્રી-ઇન્ડકશન પરીક્ષણ સંપૂર્ણ રીતે સફળ રહ્યું. આ મિસાઇલ તેમાં બધા જ લક્ષ્યાંક પાર પાડવામાં સફળ નિવડી છે.

ડીઆરડીઓના વરિષ્ઠ અધિકારીઓએ તેમજ વ્યૂહાત્મક દર ક્માન્ડે આ પરીક્ષણનું નીરીક્ષણ કર્યું. તે સાથે સશસ્ત્ર દળોમાં આ પ્રણાલીનો સમાવેશ કરવા માટેનો માર્ગ મોકળો બન્યો છે.

સંરક્ષણમંત્રી રાજનાથસિંહે ડીઆરડીઓ અને સશસ્ત્રદળોને આ બદલ અભિનંદન આપ્યા છે.

## ISRO Karnataka

ઇસરો અધ્યક્ષ એસ.સોમનાથે માહીતી આપી છે કે ચંદ્રયાન મિશન – 3 જુલાઇના મધ્યભાગ સુધીમાં તૈયાર થઇ જશે અને તે દ્વારા ચંદ્રની સપાટી પર રોવર મૂકવાનો પ્રયત્ન કરવામાં આવશે.

આજે બેંગલુરૂમાં અવકાશયાન મિશન કાર્યવાહી વિષેની આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતાં તેમણે આવી માહીતી આપી.

## PM-MODI-US-VISIT

અમેરિકાના હિન્દ- પ્રશાંત વિસ્તાર માટેના ટોચના અધિકારી કર્ટ કેમ્પબેલે જણાવ્યું છે કે, ભારત અને અમેરિકા વચ્ચે અત્યારે તૈયાર થયેલ વિશ્વાસનું સ્તર એક દાયકા પહેલાં ન હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી 21થી 24 જૂન દરમિયાન યોજાનારી અમેરિકાની મુલાકાત અંગે ટીપ્પણી કરતાં શ્રી કેમ્પબેલે કહ્યું કે, આ મુલાકાતથી વૈશ્વિક

સ્તરે અસાધારણ મહત્વ ધરાવતા ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવું બળ મળશે.

આ મુલાકાતથી બંને દેશો માટે પરસ્પર મૂડીરોકાણ અને લોકસંપર્કની તકો વધશે. તેમણે કહ્યું કે, વૈશ્વિક સ્તરે ભારતે ભજવેલી ભૂમિકાની નોંધ વિશ્વ સમુદાય લઈ રહ્યો છે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાની સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધવાના છે.

આ વખતની મુલાકાતમાં પ્રધાનમંત્રી જ્યારે અમેરિકાના સંસદને સંબોધશે ત્યારે સંસદની સંયુક્ત બેઠકને બીજીવાર સંબોધનાર તેઓ પહેલા પ્રધાનમંત્રી બનવાનું બહુમાન મેળવશે.

## Jayshankar

વિદેશમંત્રી એસ.જયશંકરે કહ્યું છે કે, વિશ્વ, ભારતને વિકાસ ભાગીદાર તરીકે જુએ છે અને ભારત વિશ્વની ધારણા બદલવાની ભૂમિકા ભજવી રહ્યું છે. તેમણે કહ્યું કે, વિશ્વ હવે ભારતની વાત સાંભળે છે અને તેને મહત્વ આપે છે.

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારના નવ વર્ષ પૂરા થયા, તેના અનુસંધાનમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશમંત્રીએ કહ્યું કે, ભારતની વિદેશનીતી તાજેતરના વર્ષોમાં વધારે અસરકારક, મજબૂત અને વધારે મહત્વપૂર્ણ બની ગઇ છે. તેમણે કહ્યું કે, ભારતની રાજનીતીની કામગીરીને પગલે, રાષ્ટ્ર વધારે સુરક્ષિત અને આર્થિક રૂપે મજબૂત બન્યું છે. તેમણે કહ્યું કે, ભારત ઉત્તર સરહદ પર, ચીનની પગલાંનો સામનો કરી રહ્યું છે, જયારે પાકિસ્તાન દ્વારા સરહદ પારથી આચરવામાં આવતા ત્રાસવાદને પણ નિષ્ફળ બનાવે છે. ડૉ.જયશંકરે કહ્યું છે કે, ભારતે બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ અને ઉત્તર સરહદની પરિસ્થિતિ વિષે સ્પષ્ટ વલણ અખત્યાર કર્યું છે. તેમણે કહ્યું કે, ભારત, વૈશ્વિક આર્થિક સ્થિતિને વ્યાપક સ્તરે અસર કરી રહ્યું છે અને દુનિયા એ વાતને માની રહ્યું છે.

તેમણે કહ્યું કે, જી-20ના અન્ય સભ્ય દેશો સાથે વિચારવિમર્શનો વાસ્તવિક પ્રયાસ કરનાર સૌ પહેલો અધ્યક્ષ દેશ છે, તેમજ એકસો પચીસ દેશોને ભારતની રાજદ્વારી નીતી પર વિશ્વાસ છે. એસ.જયશંકરે કહ્યું કે, ભારત, રશિયા અને યુક્રેન યુદ્ધ દરમ્યાન નિષ્પક્ષ, પારદર્શક વલણ અપનાવનાર દેશ છે. તેમણે કહ્યું કે, ભારતની અધિક સુદ્રઢ અને સરકારપૂર્ણ વિદેશનીતી દ્વારા નાગરિકોનું જીવન સરળ બન્યું છે.

## Govt. PACS

સરકારે કહ્યું છે કે, પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓ – PACSને પ્રધાનંમત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોના દાયરામાં લાવવામાં આવશે.

દેશભરમાં લગભગ એક લાખ પ્રાથમિક કૃષિ ધીરાણ સમિતિઓ આવેલી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સહકાર દ્વારા સમૃદ્ધિના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે સહકાર મંત્રાલયે પાંચ મહત્વના નિર્ણયો લીધા છે. મંત્રાલયે કહ્યું કે, આ ધીરાણ સમિતિઓને જૈવિક ખાતર, ખાસ કરીને આથો લવાયેલ જૈવિક ખાતર અને આથાવાળા પ્રવાહી જૈવિક ખાતરના બજાર સાથે જોડવામાં આવશે. આ નિર્ણય આજે નવી દીલ્હીમાં રસાયણ અને ખાતર માટેના મંત્રી મનસુખ માંડવીયા અને કેન્દ્રિય સહકારમંત્રી અમિત શાહની બેઠકમાં લેવામાં આવ્યો.

આ નિર્ણયોને કારણે ધીરાણ સમિતિઓની આવક વધશે તેમ જ ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીની તકો વધશે. ખેડૂતો, સ્થાનિક સ્તરે, ખાતર, જંતુનાશક દવાઓ, બીયારણ અને કૃષિ યંત્ર મેળવી શકશે.

## Weather

હવામાન વિભાગે કહ્યું છે કે, નૈઋત્ય ચોમાસું આજે કેરળ પહોંચી ગયું છે. સામાન્ટ રીતે કેરળમાં ચોમાસું પહેલી જૂને બેસી જાય છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આવતા 48 કલાકમાં મધ્ય અરબી સમુદ્ર, તમિળનાડુ, કર્ણાટક અને નૈઋત્ય અને

મધ્ય તેમજ ઇશાન, બંગાળ અખાતના અન્ય કેટલાક ભાગમાં નૈઋત્ય ચોમાસું આગળ વધે તે માટેની પરિસ્થિતિ સાનૂકુળ છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, છેલ્લા 24 કલાકમાં અગ્નિ અરબી સમુદ્ર પર ઘનઘોર વાદળાં છવાયાં છે.

પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર ચક્રવાતી તોફાન બિપરજોય કલાકના પાંચ કિલોમીટરની ઝડપે, ઉત્તર તરફ આગળ વધ્યું છે. તે આવતા 24 કલાકમાં ધીમેધીમે વધારે ઝડપી બનશે અને આવતા ત્રણ દિવસ દરમ્યાન વાયવ્ય દિશા તરફ આગળ વધશે.

## Anurag asiai games

કેન્દ્રિય રમત ગમત મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે નવી દિલ્લી માં આયોજિત એકસોમાં મિશન ઓલમ્પિક સેલની બેઠકમાં આગામી એશિયાઈ રમતો માટે ભારતની તૈયારીઓની સમિક્ષા કરી. આ બે દિવસીય સમિક્ષા બેઠક દિલ્લીના ડોકટર કર્ણી સિંહ શૂટિંગ રેંજમાં થઈ રહી છે. બેઠકમાં સંયુક્ત સચિવ, ભારતીય ઓલમ્પિક સંઘ કલ્યાણ ચૌબે અને એ.એફ.આઇ ના અધ્યક્ષ આદિલે સુમરીવાળા હજાર રહ્યા હતા. બેઠકમાં  ગગન નારંગ, અંજુ બોબી જ્યોર્જ, વિરેન રસકિન્હા, તૃપ્તિ મુરગુંડે, મોનાલીસા મેહતા, બાઈચુંગ ભૂટીયા સહિત આની ખેલાડીઓ એ પણ ભાગ લીધો હતો. એશિયાઈ રમતો 2022 આ વર્ષે 23 સપ્ટેમ્બર થી 8 ઓક્ટોબર સુધી ચીનના હાંગજોમાં રમાશે.

## WTC Cricket

ક્રિકેટમાં ઇંગ્લેન્ડના ઓવલ ખાતે ચાલી રહેલી વિશ્વ ટેસ્ટ સ્પર્ધાની ફાઇનલમાં છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઇનિંગમાં 469 રન કર્યા છે.

ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડે 163 રન અને સ્ટીવન સ્મિથે 121 રન કર્યા. ભારતના મોહંમદ સિરાજે 108 રન આપીને 4 વિકેટ લીધી, જયારે શાર્દુલ ઠાકુરે 83 રન આપીને બે વિકેટ લીધી. ભારતે પોતાનો દાવ લેવાનું શરૂ કર્યું છે. છેલ્લા સમાચાર મુજબ 10 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 37 રન કર્યા છે..